# 2 શું છે લાંબુ? શું છે ગોળ?



## તમારી આસપાસ જુઓ!

વિદ્યાદીદીએ બધા બાળકોને કુંડાળામાં બેસવા કહ્યું.






વર્ગમાં આ રમત રમવા માટે બાળકોને કહો.બાળકોએ એવી બે વસ્તુઓનાં નામ કહેવા માટે કહો કે જેમાં એક લાંબી અને એક ગોળ હોય.દરેક વખતે નવી વસ્તુઓનાં નામ કહેવાનાં છે, પુનરાવર્તન ટાળો. બાળકો એક આયામના આધારે પણ વર્ગીકરણ કરી શકે છે.જેમ કે - કોઈ બાળક પ્યાલાને લાંબો તો કોઈ તેને ગોળાકાર કહી શકે છે.બંને જવાબ તર્કના આધારે સાચા માનવા.બાળકોને આ માટે તેમના તર્ક રજૂ કરવા કહો.



## વિચારો અને કરો



ક. ગોળ વસ્તુઓને ◯ માં અને લાંબી વસ્તુઓને ▭ માં દોરો.











© NCERT not to be republished


ખ. આકારમાં સરખી હોય તેવી વસ્તુઓને જોડો.













ગ. દડા  જેવી દેખાતી વસ્તુ નીચે  ની નિશાની કરો.










© NCERT not to be republished



ઘ. ટોપી ✓ જેવી દેખાતી વસ્તુ નીચે  ની નિશાની કરો.

ઘ. ટોપી જેવી દેખાતી વસ્તુ નીચે ✓ ની નિશાની કરો. 

છ. માચીસ જેવી દેખાતી વસ્તુ  નીચે ✓ ની નિશાની કરો. 



## ચાલો કરીએ

તમારી આસપાસની  વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરીને ઘર, રમકડું, મિનારો (ટાવર), રોબોટ, બસ અથવા તમને ગમતી કોઈપણ વસ્તુ બનાવો. તમે નોંધપોથીઓ,પુસ્તકો, સીસાપેનનાં  ખોખાં, પાણીની બાટલીઓ, જન્મ દિવસની ટોપીઓ, જૂનાં કે નકામાં ખોખાંનો પણ ઉપયોગ કરી શકો છો.


બાળકોને ચાર જૂથમાં વહેંચો. દરેક જૂથને એક આકાર આપો અને બાળકોને તે આકારની સમાન બે જુદી જુદી વપરાયેલી અથવા નકામી વસ્તુઓ લાવવા માટે કહો.વર્ગખંડમાં એકત્રિત કરેલી બધી વસ્તુઓ પ્રદર્શિત કરો અને બાળકોને તેમની વસ્તુઓની આપ-લે  કરવા દો અને શા માટે તેઓએ  તે વિશિષ્ટ વસ્તુઓ પસંદ કરી છે તેનું કારણ પણ બતાવવા કહો.





© NCERT not to be republished

## સમજદાર દાદી




એકવાર એક ઘેટાનું બચ્ચું
તેની દાદીને મળવા જઈ રહ્યું હતું.

વરુએ ઘેટાના બચ્ચાને જોયું.
તે તેને ખાવા  માગતું હતું.





ઘેટાના બચ્ચાએ વરુ વિશે બધું જ તેની દાદીને કહ્યું.
દાદીને એક વિચાર આવ્યો અને ઘેટાના બચ્ચાને એક ઢોલકમાં પૂરી દીધું અને ઢોલકને ઘર તરફ પાછા જવા માટે ગબડાવી દીધું.



વાર્તાને વર્ગમાં મોટેથી વાંચો અને બાળકોને અભિનય કરવા માટે કહો.


© NCERT not to be republished

ઢોલક ખૂબ જ ઝડપથી ગબડવા લાગ્યું અને વરુ તેની પાછળ-પાછળ દોડવા લાગ્યું.



વરુ ઘેટાના બચ્ચાને પકડી શક્યું નહીં અને તે સુરક્ષિત રીતે ઘરે પહોંચી ગયું.






ઢોલક શા માટે ગબડ્યું તેનું કારણ બાળકોને પૂછો. બાળકો વચ્ચે ઢોલકનાં આકાર અને તેની ઢોળાવવાળી/નમેલી સપાટી તથા જંગલથી લઈને ઘેટાંના ઘર સુધીના રસ્તાના સંબંધ પર ચર્ચા ગોઠવો.

© NCERT not to be republished

## ચાલો આપણે સરકીએ

ચિત્રમાં બાળકો કેરમ રમી રહ્યા છે. તમે પણ કેરમ રમો અને જુઓ કે ગોટી (સ્ટ્રાઇકર) ખૂણા સુધી પહોંચવા માટે કેવી રીતે સરકે છે.




ક. નીચે આપેલા ચિત્રમાં ગબડતી વસ્તુઓ પર ખરાની નિશાની ◯ અને સરકતી વસ્તુઓ પર ખોટાની નિશાની કરો.




ખ. તમારી આસપાસના વિસ્તારમાંથી જુદી જુદી વસ્તુઓ એકઠી કરો અને નક્કી કરો કે કઈ વસ્તુઓ ગબડે છે અને કઈ વસ્તુઓ સરકે છે.

ગ. શું તમે એવી વસ્તુઓ જોઈ છે જે ગબડે છે અને સરકે પણ છે? જો હા, તો વર્ગમાં ચર્ચા કરો.



બાળકોને તેમના ઘરની અને શાળામાં જોવા મળતી વિવિધ વસ્તુઓ કે જે ગબડે છે અને સરકે પણ છે તે વિષે જણાવવા કહો. કોઈ વસ્તુ સમતલ કે ઢોળાવવાળી જગ્યા પર ગબડે છે કે સરકે છે તે વિશે પણ બાળકો સાથે ચર્ચા કરો.

© NCERT not to be republished



## વિચારો અને કરો

નીચેની વસ્તુઓ ગબડે છે, સરકે છે કે પછી ગબડે પણ છે અને સરકે પણ છે તે શોધો.ખરા ✓ કે ખોટાની X નિશાની કરો.

| વસ્તુ | ગબડે છે | સરકે છે | ગબડે છે અને સરકે છે |
|---|---|---|---|
|  | | | |
|  | | | |
|  | | | |
|  | | | |
|  | | | |
|  | | | |
|  | | | |
|  | | | |



## પ્રોજેક્ટ કાર્ય

ક. પૂંઠાનાં ખોખાં જેવાં કે પગરખાંનાં ખોખાં, જમવાનાં ખાલી ખોખાં, ફળોનાં ખોખાં વગેરે એકઠાં કરો. ખોખાની આગળ એક ચીરો બનાવો અને આંખો, મોં અને નાક દોરો.તમારા માતાપિતા અથવા શિક્ષકની મદદથી કઠપૂતળી બનાવો અને તેની સાથે રમો. તમારી મનપસંદ વાર્તાઓની કઠપૂતળીઓ બનાવો અને તમારા વર્ગખંડમાં કઠપૂતળીનો કાર્યક્રમ કરો.

ખ. જુદી જુદી વસ્તુઓની મદદથી મિનારા (ટાવર્સ) બનાવો. કયા આકારની વસ્તુઓથી ઊંચા અને સ્થિર મિનારા બને છે તે શોધો.

ગ. ચીકણી માટીનો ઉપયોગ કરીને વિવિધ આકાર અને વસ્તુઓ બનાવો.

© NCERT not to be republished